| | |
|---|---|
| | ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી<br>ચોથો માળ, સહયોગ સંકુલ,<br>સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦<br>ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯<br>વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in |

ક્રમાંક : ગુજરેરા/હુકમ-૩૭ તા.૨૫/૦૬/૨૦૨૦

# હુકમ-૩૭

રેરા કાયદાની અમલવારી માટે ગુજરાત રેરા દ્વારા રેરા પોર્ટલ વિકસાવવાની પ્રક્રિયા બે તબક્કાઓમાં હાથ ધરવામાં આવેલ. જેના પ્રથમ તબક્કા હેઠળ રેરા પોર્ટલ ૧.૦ તા.૧૦/૦૭/૨૦૧૭ ના રોજથી અમલી કરવામાં આવેલ અને ઉત્તરોત્તર તેમાં સમાવિષ્ટ સેવાઓનો ઉમેરો અને સરળીકરણ હાથ ધરવામાં આવેલ. કાયદાની અમલવારીમાં પ્રમોટરશ્રી પોતાનું કામ સુગમતાથી કરી શકે અને “ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ” નો હેતુ સિદ્ધ થઈ શકે તે માટે તથા પ્રોજેક્ટના એલોટીઓના હિતનું યોગ્ય રક્ષણ કરી શકાય અને રેરા પોર્ટલ દ્વારા એકત્રિત માહિતી – ડેટા નો રાજ્ય સરકારશ્રીની રીયલ એસ્ટેટ સેક્ટરના ડેવલપમેન્ટ સંબંધી નીતિના ઘડતરમાં સહાયરૂપ માહિતી મળી રહે તેવા ઉદ્દેશને સિદ્ધ કરવા માટે રેરા પોર્ટલના દ્વિતીય ચરણ અન્વયે રેરા ૨.૦ સોફ્ટવેર વિકસાવવામાં આવેલ છે.

પ્રસ્તુત સિસ્ટમ રેરા ૨.૦ ગુજરેરા ઓથોરીટી દ્વારા છેલ્લાં છ માસથી પ્રમોટર્સ, પ્રોફેશનલ્સ તથા સ્ટેકહોલ્ડર્સના સંકલનથી વિકસાવવામાં આવેલ છે તથા કાયદાની અમલવારીમાં અસરકારકતા લાવવા માટે રેરા સામાન્ય નિયમોના નિયમ-૩(૬) અન્વયે પ્રોજેક્ટના સમયસર અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે મીન્સ ઓફ ફાઈનાન્સ રીપોર્ટ સંલગ્ન વ્યવસ્થા કરવામાં આવેલ છે તથા કલમ-૧૧ અન્વયે નિયમિત મોનીટરીંગ સુનિશ્ચિત કરવા વિકસાવાયેલ છે.

હાલ કોવીડ-૧૯ની પરિસ્થિતિ અન્વયે તથા નવા સોફ્ટવેરના અલગ અલગ ફિચર્સ સમજવા માટે વધુ સમય માટેની વિવિધ ડેવેલોપર્સ-અસોસીએશનોની રજુઆતો ધ્યાને લઈને ગુજરેરા ઓથોરીટીએ રેરા ૨.૦ ના અમલીકરણને હાલ પૂરતું મોકૂફ રાખવા નિર્ણય લીધેલ છે. જેથી ગુજરાત ખાતેના ડેવલપર્સ તથા પ્રોફેશનલ્સ નવા સોફ્ટવેર અંગે માહિતગાર થઈ શકે.

Signature Not Verified
Digitally signed by PATEL BHAGVANDAS
Date: 2020.06.26 10:58:44 IST
Reason: Digitly Signed Certificate
Location: Gandhinagar

આ માટે ઓથોરીટી દ્વારા નીચે મુજબના હુકમ કરવામાં આવે છે:

- <u>ગુજરાત રેરા- પ્રવર્તમાન પોર્ટલ ૧.૦ સેવા પુન:કાર્યાન્વિત થવા બાબત</u>

  (૧) પ્રવર્તમાન રેરા પોર્ટલ ૧.૦ તા.૨૬/૦૬/૨૦૨૦ ના કચેરી સમયથી થી તમામ ઉપયોગકર્તાઓ માટે ઉપ્લબ્ધ થશે.

- <u>નવનિર્મિત ગુજરાત રેરા પોર્ટલ ૨.૦ ના UAT એક્સેસ આપવા બાબત.</u>

  (૨) ગુજરાત રેરા ઓથોરીટી દ્વારા વિવિધ ડેવલપર્સ એસોસીએશન અને તેના વિવિધ શહેરી એકમો મારફતે રાજ્યના પ્રમોટરશ્રીઓને રેરા ૨.૦ નો UAT એક્સેસ પૂરો પાડશે. જે દ્વારા પ્રમોટરશ્રીઓ અને પ્રોફેશનલ્સ નવા સોફ્ટવેર ૨.૦ અંગે વિગતવાર માહિતગાર થઈ શકે તથા સોફ્ટવેરની ઉપયોગિતા વધારવા સંબંધી તેઓશ્રીના સૂચનો કરી શકે. તે માટે ડેવલપર્સ એસોસીએશન દ્વારા તેમના અવલોકનો તથા સૂચનો તા.૨૬/૦૭/૨૦૨૦ સુધીમાં ગુજરાત રેરાને સુપ્રત કરવા અંગેની બાંહેધરી આપવામાં આવેલ છે.

- <u>નવનિર્મિત ગુજરાત રેરા પોર્ટલ ૨.૦ કાર્યાન્વિત થવા બાબત</u>

  (૩) વિવિધ ડેવલપર્સ એસોસીએશન દ્વારા રજૂ કરવામાં આવેલ અવલોકનો અને સૂચનો અંગે યોગ્ય વિચારણા બાદ ગુજરેરા ઓથોરીટી દ્વારા નવનિર્મિત રેરા પોર્ટલ ૨.૦ નો અમલ તા.૦૧/૦૮/૨૦૨૦ થી કરવામાં આવશે.

- <u>ક્વાર્ટર સબમિશનની નિયત સમયમર્યાદા વધારવા અંગે</u>

  (૪) ઓથોરીટી દ્વારા તા.૬ મે, ૨૦૨૦ ના ઓર્ડર નં. ૩૪ થી ડાઇનેમીક ક્વાર્ટરને ફાઈનાન્શીયલ વર્ષના ક્વાર્ટર મુજબ કરવામાં આવેલ છે જે એપ્રિલ-મે-જૂનનું ક્વાર્ટર તા.૦૭/૦૭/૨૦૨૦ ના રોજ ભરવાનું થાય છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના પ્રથમ ત્રિમાસિક ગાળાનો પ્રગતિ અહેવાલ રજૂ કરવાની નિયત સમયમર્યાદા તા.૦૭/૦૯/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે.

સચિવ
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ગાંધીનગર

Signature Not Verified
Digitally signed by PATEL BHAGVANDAS
Date: 2020.06.26 10:58:49 IST
Reason: Digitly Signed Certificate
Location: Gandhinagar